ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

‘હક્ક અને ન્યાય માટે સંગઠિત સંઘર્ષ’ના નારા સાથે કર્મચારીઓ કામગીરીથી અળગા રહ્યા

ચરોતરમાં મહેસૂલી કર્મચારીઓની આજથી અચોક્કસ મુદતની હડતાળ : પ્રજાને હાલાકી

દાખલા અને વારસાઈ નોંધ સહિતની કામગીરીને વિપરીત અસર પડી

(પ્રતિનિધિ) આણંદ તા. ૭

રાજ્ય મહેસૂલ કર્મચારી મહામંડળના આદેશને પગલે વિવિધ ૧૮ જેટલી પડતર માંગણીઓના તાત્કાલિક નિરાકરણની માંગ સાથે આણંદ જિલ્લા મહેસૂલી કર્મચારી મંડળ (વર્ગ-૩) દ્વારા બુધવારથી અચોક્કસ મુદતની હડતાળ શરૂ કરવામાં આવી છે. “હક્ક અને ન્યાય માટે સંગઠિત સંઘર્ષ”ના નારા સાથે કર્મચારીઓ હડતાળમાં જોડાતાં કચેરીઓની કામગીરી પર વિપરીત અસર પડી છે.

આણંદ, ખેડા અને મહિસાગર જિલ્લાના મહેસૂલી કર્મચારીઓ અને રેવન્યુ તલાટીઓના લાંબા સમયથી પડતર પ્રશ્નોનો ઉકેલ આવ્યો નથી. આ માંગણીઓમાં મુખ્યત્વે રેવન્યુ તલાટીઓ માટે જોબ ચાર્ટ નક્કી કરવા, વર્ષ ૨૦૧૨ની બેચની સિનિયોરિટી યાદી તૈયાર કરી પ્રમોશન આપવા તેમજ અન્ય સિનિયોરિટી યાદી



અને પ્રમોશન સહિતના કુલ ૧૮ મુદ્દાઓનો સમાવેશ થાય છે. મહામંડળ દ્વારા સરકાર સમક્ષ આ તમામ પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા છે અને આણંદ જિલ્લાના તમામ કર્મચારીઓએ હડતાળમાં જોડાઈ રાજ્યવ્યાપી આંદોલનને સંપૂર્ણ ટેકો જાહેર કર્યો છે.

આ હડતાળના કારણે આવક અને જાતિના પ્રમાણપત્રો મેળવવા, વારસાઈ તથા મિલકતની નોંધ કરાવવા, જમીન સંબંધિત રેકોર્ડ અને મહેસૂલી અરજીઓના નિકાલ જેવી કામગીરી પર વિપરીત અસર પહોંચી છે. ખાસ કરીને સરકારી યોજનાઓના લાભાર્થીઓ, જમીન-મિલકતનું કામકાજ ધરાવતા લોકો તથા તાત્કાલિક કામગીરી ધરાવતા અરજદારોને કચેરીના ધક્કા ખાવાની સ્થિતિ ઊભી થઈ છે. મહેસૂલી તંત્રની કામગીરી સીધી રીતે પ્રજા સાથે સંકળાયેલી હોવાથી આ હડતાળ લાંબી ચાલશે તો નાગરિકોની મુશ્કેલીઓમાં ભારે વધારો થવાની શક્યતા છે

શેઢી નદી પર નવા બ્રિજની કામગીરીમાં ૭૦ વર્ષ જૂની પાઇપલાઇનમાં ભંગાણ

ડાકોરમાં તંત્રની ઘોર બેદરકારી પાણીની મુખ્ય લાઈન તૂટી ગઈ

સરકારના બે વિભાગો સામસામે, ૩ લાખના નુકસાન અંગે પોલીસ અરજી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૭

યાત્રાધામ ડાકોરમાં શેઢી નદી પર બની રહેલા નવા બ્રિજના નિર્માણ દરમિયાન માર્ગ અને મકાન વિભાગની ઘોર બેદરકારી સામે આવી છે. મશીનરીના આડેધડ ઉપયોગથી નગરપાલિકાની મુખ્ય પીવાના પાણીની પાઈપલાઈન તોડી નાખવામાં આવતા હજારો લિટર પાણી વેડફાઈ ગયું છે અને ૩ વોર્ડમાં પાણી પુરવઠો સંપૂર્ણપણે ખોરવાઈ ગયો છે. સરકારી તંત્રોની આ લડાઈમાં હજારો નાગરિકોને એક સપ્તાહ સુધી પાણી વગર વલખાં મારવાનો વારો આવ્યો છે. આ મામલે પાલિકાના ચીફ ઓફિસર પાર્થ ગોસ્વામીએ કડક વલણ અપનાવીને જવાબદાર ડેપ્યુટી એન્જિનિયર અને કોન્ટ્રાક્ટર સામે રૂ. ૩ લાખના નુકસાન બદલ ડાકોર પોલીસ મથકે લેખિત અરજી આપી છે.

ડાકોરથી ઉમરેઠ રોડ પર ભવન્સ કોલેજ પાસે આવેલા જૂના બ્રિજને તોડીને નવો બ્રિજ બનાવવાની કામગીરી ચાલી રહી છે. આ કામગીરી દરમિયાન કોન્ટ્રાક્ટર દ્વારા અણઘડ રીતે મશીનરી ચલાવતા નગરપાલિકાની મુખ્ય પાણીની પાઇપલાઇનમાં મોટું ભંગાણ સર્જાયું હતું. આ ભંગાણના કારણે નગરપાલિકાને અંદાજે રૂ. ૩ લાખનું આર્થિક નુકસાન થયું હોવાનો અંદાજ સેવાઈ રહ્યો છે.



આ ઘટના બાદ પાલિકા તંત્ર દ્વારા માર્ગ અને મકાન વિભાગને નુકસાનનું વળતર ચૂકવવા અને તાત્કાલિક સમારકામ કરવા ગઈકાલે સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી. પરંતુ બેદરકાર ઈજનેર કે કોન્ટ્રાક્ટરે નુકસાની ભરપાઈ કરવા કોઈ હકારાત્મક પ્રતિભાવ આપ્યો નહોતો.

આખરે ચીફ ઓફિસર પાર્થ ગોસ્વામીએ સત્તાવાર પોલીસ અરજી દાખલ કરી છે. જો ઈજારદાર દ્વારા તાત્કાલિક લાઈનનું સમારકામ કરવામાં નહીં આવે તો પોલીસ મથકમાં પાકી એફઆઈઆર દાખલ કરવાની તંત્રે સ્પષ્ટ ચેતવણી આપી છે.

અધિકારીઓ વચ્ચે આક્ષેપ-પ્રતિઆક્ષેપ

» **માર્ગ અને મકાનનો આક્ષેપ:** માર્ગ અને મકાન વિભાગના ડેપ્યુટી એન્જિનિયર મહેન્દ્રસિંહ ઝાલાએ દાવો કર્યો હતો કે પાલિકાએ પૂર્વ મંજૂરી વિના આ લાઈન નાખી હતી.

» **પાલિકાની સ્પષ્ટતા:** ચીફ ઓફિસરે આ દાવો ફગાવતા જણાવ્યું કે આ પાઈપલાઈન ૪૦ થી ૪૫ વર્ષ જૂની છે, જે વિંઝોલના બોરથી ડાકોર સુધી પાણી પહોંચાડે છે. તંત્ર પોતાનો લૂલો બચાવ કરવા માટે જ આવા પાયાવિહોણા નિવેદનો કરી રહ્યું છે.

અસરગ્રસ્ત વિસ્તારો અને સમારકામનો પડકાર

» **અસરગ્રસ્ત વિસ્તારો:** પાઈપલાઈન તૂટવાથી ડાકોરના વડા બજાર, ડુંગરા ભાગોળ, નાની ભાગોળ અને ગોપાલપુરા સહિત મંદિર આસપાસના વિસ્તારોમાં રહેતા નગરજનો માટે પીવાના પાણીની વિકટ સમસ્યા સર્જાઈ છે.

» **સમારકામમાં વિલંબની શક્યતા:** શેઢી નદી ઉપરથી આખી લાઈન પસાર થતી હોવાથી તકનીકી રીતે તેનું સમારકામ અત્યંત પડકારજનક છે. સમારકામ પૂર્ણ થવામાં હજુ ૧ સપ્તાહ જેટલો સમય લાગી શકે તેમ હોવાથી રહીશોને ભારે હાડમારી વેઠવી પડશે.

નડિયાદમાં જીવલેણ હુમલો કરનારા ચારને બે વર્ષની કેદ

ચકલાસીના ભઈજીપુરામાં 25 વર્ષ જૂની જમીન પરત મેળવવાની અદાવતમાં હુમલો કરાયો હતો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૭

નડિયાદના ચકલાસી તાબે આવેલા ભઈજીપુરા ગામમાં જમીન વેચાણ બાબતે રીસ રાખીને બે વ્યક્તિઓ પર ધારીયા અને લાકડી વડે જીવલેણ હુમલો કરવાના કેસમાં નડિયાદ સેશન્સ કોર્ટે ચારેય આરોપીઓને કસૂરવાર ઠેરવી બે વર્ષની કેદની સજા અને રૂ. 3,000ના દંડનો હુકમ કર્યો છે.

આ ઘટનાની વિગત મુજબ, ફરિયાદીના પિતાએ 25 વર્ષ પહેલાં આરોપીઓના કુટુંબી પાસેથી જમીન વેચાણ લીધી હતી. આ જમીન પાછી મેળવવા માટે મનુભાઈ વાઘેલા અવારનવાર દબાણ કરતો હતો. જોકે, જમીન પરત ન આપતાં રાખી મુકેલી રીસમાં 21મી જૂન 2021ના રોજ સાંજે મનુભાઈ જેણાભાઈ વાઘેલા, ધર્મેશકુમાર ઉર્ફે પીન્ટુભાઈ મનુભાઈ વાઘેલા, રજનીકાંત ઉર્ફે બોબી મનુભાઈ વાઘેલા અને મહેશકુમાર ઉર્ફે પ્રદીપભાઈ કનુભાઈ પરમારે ભેગા મળીને ફરિયાદી તથા વચ્ચે પડેલા સાહેદ વિજયભાઈ પર ધારીયા અને લાકડીઓ વડે હુમલો કરી માથામાં તથા કપાળે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આ અંગે ચકલાસી પોલીસ મથકે વિવિધ કલમ હેઠળ નોંધાયેલા ગુનામાં પોલીસે ચાર્જશીટ રજૂ કર્યા બાદ કેસ ખેડા જિલ્લાના મુખ્ય સેશન્સ જજ પરવીનકુમારની કોર્ટમાં ચાલવા આવ્યો હતો. જ્યાં સરકારી વકીલ પ્રેમ આર. તિવારી દ્વારા રજૂ કરાયેલા 18 દસ્તાવેજી પુરાવા અને 16 સાક્ષીઓની મૌખિક જુબાનીઓને કોર્ટે ગ્રાહ્ય રાખી હતી. બંને પક્ષોની દલીલો બાદ અદાલતે ચારેય આરોપીઓને ઈપીકો કલમ 323 હેઠળ 1 વર્ષની કેદ તથા રૂ. 1,000 દંડ અને કલમ 324 હેઠળ 2 વર્ષની કેદ તથા રૂ. 2,000 દંડની સજા ફટકારી છે.

ચરોતરમાં નવરાત્રીના રંગ વચ્ચે ગરમીનો માહોલ રહેશે

આગામી પાંચ દિવસ ૩૬થી ૩૭ ડિગ્રી તાપમાન વચ્ચે ગરમી

(પ્રતિનિધિ) આણંદ તા ૭

ચરોતરમાં ચોમાસાની વિદાય બાદ હવે નવરાત્રીના આગમનનો માહોલ જામવા લાગ્યો છે ત્યારે આગામી દિવસોમાં હવામાન મોટાભાગે સ્વચ્છ અને સુકું રહેવાની આગાહી કરવામાં આવી છે. આણંદ કૃષિ યુનિવર્સિટીના હવામાન વિભાગ દ્વારા તા. ૭થી ૧૧ ઓક્ટોબર સુધીની આગાહીમાં આણંદ જિલ્લામાં વરસાદની કોઈ શક્યતા દર્શાવવામાં આવી નથી. દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૬થી ૩૭ ડિગ્રી જ્યારે લઘુત્તમ તાપમાન ૨૫થી ૨૬ ડિગ્રી આસપાસ રહેવાની સંભાવના છે.

હવામાન સ્વચ્છ રહેવાની આગાહીને કારણે નવરાત્રી દરમિયાન શેરી ગરબા, ગરબા મહોત્સવ તથા વિવિધ ધાર્મિક-સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજકોને રાહત રહેશે. ખાસ કરીને ખુલ્લા મેદાનમાં યોજાનારા ગરબા કાર્યક્રમોમાં વરસાદ વિઘ્નરૂપ બનશે નહીં. જોકે દિવસ દરમિયાન ગરમીનું પ્રમાણ રહેવાની શક્યતાને પગલે રાત્રિના કાર્યક્રમોમાં પણ ગરમી અનુભવાશે. વરસાદની શક્યતા નહીં હોવાને કારણે ખેતરોમાં ખેતીકામ પણ પૂરજોશમાં ચાલશે

ડાંગર અને ચોમાસુ બાજરીના પરિપક્વ પાકમાં કાપણીની કામગીરી શરૂ કરવા તથા કાપણી બાદ પાકને સુકવવા માટે ઘણી અનુકૂળતા રહેશે.

ખાનપુર : કારમાંથી ૫.૨૪ લાખનો વિદેશી દારૂ જપ્ત

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૭

મહીસાગર જિલ્લામાં રાજસ્થાન તરફથી વિદેશી દારૂ ઘૂસાડવાના નેટવર્ક પર પેરોલ ફર્લો સ્ક્વોડે તવાઈ બોલાવી છે. શિંગનલી ચોકડીથી ખાનપુર સુધી ઈકો ગાડીનો ફિલ્મી ઢબે પીછો કરીને પોલીસે દારૂ અને વાહન મળી કુલ રૂ. ૫.૨૪ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જોકે, રાત્રિના અંધારાનો લાભ લઈને કાર ચાલક સહિત બે બુટલેગરો ભાગી છૂટ્યા હતા.

મહીસાગર પેરોલ ફર્લો સ્ક્વોડનો સ્ટાફ લૂણાવાડા-ગોધરા હાઈવે પર પેટ્રોલિંગમાં હતો ત્યારે સફેદ કલરની ઈકો ગાડીમાં રાજસ્થાનથી વિદેશી દારૂ ભરી ગોધરા તરફ લઈ જવાતો હોવાની ચોક્કસ બાતમી મળી હતી. પોલીસે શિંગનલી ચોકડી પાસે વોચ ગોઠવી શંકાસ્પદ ઈકોને રોકવા ઈશારો કરતા, ચાલકે ગાડી સંતરામપુર અને મલેકપુર રોડ તરફ ભગાવી મૂકી હતી. આથી, પોલીસે ખાનગી વાહનમાં પીછો ચાલુ રાખવાની સાથે બાકોર પોલીસને પણ જાણ કરી હતી. આખરે ભાગલીયા ચોકડીથી ખાનપુર તરફ સામેથી બાકોર પોલીસની સરકારી ગાડી આવી પહોંચતા, ઈકો ચાલકે કોલંબી ગામની સીમમાં ગાડી રસ્તાની સાઈડમાં ઊભી રાખી સાગરીત સાથે અંધારાનો લાભ લઈ જંગલ તરફ નાસી છૂટ્યા હતા. આ અંગે પોલીસે ગાડીની તલાશી લેતા તેમાંથી વિવિધ બ્રાન્ડનો રૂ. ૩,૭૪,૦૬૪ની કિંમતનો દારૂ તથા બિયરનો જથ્થો મળી આવ્યો હતો. વધુ તપાસમાં ગાડી પર લાગેલી નંબર પ્લેટ બોગસ હોવાનું ખુલ્યું હતું. આ અંગે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સેવા જ્યોતિ સર્કલ પાસે લાખોના ખર્ચે બનેલું જાહેર શૌચાલય નેતાના હસ્તે ઉદ્ઘાટનની લ્હાયમાં બંધ

નડિયાદ મનપા ત્રણ મહિનાથી તૈયાર શૌચાલયનું તાળું ખોલવામાં વામણું!

મનપા ૪૮ કલાકમાં સર્કલ બદલી શકે છે, પરંતુ પ્રાથમિક સુવિધા આપી શકતી નથી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૭

નડિયાદ શહેરના ધમધમતા સેવા જ્યોતિ સર્કલ વિસ્તારમાં લાખોના ખર્ચે નિર્માણ પામેલું નવું જાહેર શૌચાલય છેલ્લા ત્રણ મહિનાથી બનીને તૈયાર હોવા છતાં રાજકીય નેતાના હસ્તે ઉદ્ઘાટનની રાહમાં ખંભાતી તાળા મારીને બંધ રાખવામાં આવ્યું છે.

નડિયાદ શહેરના મુખ્ય બજાર અને પોશ ગણાતા સેવા જ્યોતિ



સર્કલ ખાતે આવેલું જૂનું શૌચાલય 6 મહિના પહેલા તોડી પાડવામાં આવ્યું હતું. બાદમાં અંદાજે અઢી મહિનાના સમયગાળામાં નવું શૌચાલય તૈયાર કરી દેવાયું હતું, પરંતુ છેલ્લા 3 માસ ઉપરાંતથી કામગીરી પૂર્ણ થઈ ગઈ હોવા છતાં તેને જાહેર જનતા માટે ખુલ્લું મૂકવામાં આવ્યું નથી.

અહીં દરરોજ આસપાસના ગામડાઓમાંથી આવતા હજારો લોકો અને સ્થાનિક વેપારીઓની સતત અવરજવર રહે છે. આટલા ગીચ અને ભરચક વિસ્તારમાં પ્રાથમિક સુવિધાનો અભાવ હોવાથી નાગરિકોને લઘુશંકા તેમજ અન્ય શૌચક્રિયા માટે ભારે હાલાકી અને પરેશાની વેઠવી પડી રહી છે.

તંત્રની બેવડી નીતિ સામે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. એક તરફ પાલિકા દ્વારા આ જ વિસ્તારના પારસ સર્કલને રાતોરાત એટલે કે માત્ર 48 કલાકમાં સેવા જ્યોતિ સર્કલની થીમ સાથે આકર્ષક બનાવી દેવાયું હતું, જ્યારે બીજી તરફ અત્યંત જરૂરી એવા જાહેર શૌચાલયનું લોકાર્પણ કરવામાં તંત્ર નિષ્ફળ નીવડ્યું છે. સ્થાનિકો અને વેપારીઓ દ્વારા કોઈપણ જાતના રાજકીય વિલંબ વિના આ શૌચાલયને તાત્કાલિક ખુલ્લું મુકવામાં આવે તેવી પ્રબળ માંગ કરવામાં આવી રહી છે.

પીલોદરા દૂધ મંડળીમાં ૧૪.૭૧ લાખની ઉચાપત

ઓડિટ દરમિયાન રૂ. ૧૯.૮૪ લાખની ગેરરીતિ બહાર આવી

(પ્રતિનિધિ) બોરસદ તા.૭

બોરસદની પીલોદરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિમિટેડના તત્કાલીન માજી સેક્રેટરી (મંત્રી) સામે હોદ્દાનો દુરુપયોગ કરી ૧૪.૭૧ લાખથી વધુની રકમ અંગત ખર્ચમાં વાપરી નાખવા બદલ ભાદરણ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

આણંદ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા ૦૧લી એપ્રિલ,૨૦૨૪ થી ૩૧મી ડિસેમ્બર,૨૦૨૪ના સમયગાળા માટે ઓડિટર પી. યુ. પટેલ દ્વારા હાથ ધરાયેલા ઓડિટ અહેવાલમાં તત્કાલીન મંત્રી કલ્પેશભાઈ રઈજીભાઈ પઢીયાર (રહે. સારોલ તાબે પીલોદરા) દ્વારા કુલ રૂ. ૧૯,૮૪,૪૩૨.૫૨ ની ઉચાપત કરવામાં આવી હોવાનું બહાર આવ્યું હતું. આ રિપોર્ટમાં ડેરીના પીએફ ફંડના રૂ. ૧૨,૬૮૧ જમા લેવાયા બાદ, ૦૮મી સપ્ટેમ્બર,૨૦૨૬ ના રોજ રૂ. પાંચ લાખ બેંક ખાતામાં ભરપાઈ કર્યા હતા. પરંતુ બાકી નીકળતી અધધ રૂ. ૧૪,૭૧,૭૫૭.૫૨ ની રકમ આજદિન સુધી ભરપાઈ ન કરી અંગત સ્વાર્થ માટે વાપરી નાખી હોવાનું સ્પષ્ટ થયું હતું.

આ અંગે જિલ્લા રજિસ્ટ્રાર અભિષેક સુવા દ્વારા કાર્યવાહીની સૂચના અપાતા મંડળીના વર્તમાન ચેરમેન દાદુભાઈ કલ્યાણસિંહ જાદવે ભાદરણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. જેના પગલે પોલીસે કલ્પેશ પઢીયાર સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ફિલ્મીઢબે મોટરસાયકલ ઊભું રખાવી અપશબ્દ બોલી હુમલો કર્યો

મહેમદાવાદના કરોલી ગામમાં પિતા-પુત્રનો યુવક પર હુમલો

જૂની અદાવતમાં પિતા-પુત્રે કડા વડે મારમારી ધમકી આપી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૭

મહેમદાવાદ તાલુકાના કરોલી ગામના હર્ષદપુરા (ખારા વિસ્તાર) ખાતે અગાઉની બોલાચાલીની અદાવત રાખી પિતા-પુત્રએ એક ૪૦ વર્ષીય યુવક પર હુમલો કરી ઈજા પહોંચાડી હોવાનો બનાવ બન્યો છે. આ બનાવ અંગે ભોગ બનનાર યુવકની ફરિયાદના આધારે મહેમદાવાદ પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મહેમદાવાદના કરોલી હર્ષદપુરા ખારા વિસ્તારમાં રહેતા સુરેશભાઈ લાખાભાઈ પરમાર (ઉ.વ. ૪૦) ગઈકાલે મજૂરી અર્થે કંજરી ગામે ગયા હતા. બપોરે આશરે બે વાગ્યાના અરસામાં મજૂરી કામ પૂરું કરી તેઓ કરોલી ગામેથી પોતાના ઘર તરફ જવા નવામુવાડા રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન રોડ નજીક રહેતા આરોપી રાજેશભાઈ ઉદાભાઈ પરમારે મોટરસાયકલ ઊભું રખાવી અગાઉની અદાવત રાખી બોલાચાલી કરી ગાળો બોલવાનું શરૂ કર્યું હતું. સુરેશભાઈએ ગાળો બોલવાની ના પાડતાં આરોપી રાજેશભાઈએ ઉશ્કેરાઈને બે-ત્રણ લાફા ઝીંકી દીધા હતા તેમજ લાકડાનો ડંડો મારવા ઉગામ્યો હતો.

આ દરમિયાન આરોપી રાજેશભાઈનું ઉપરાણું લઈને કિરણભાઈ રાજેશભાઈ પરમાર પણ ત્યાં દોડી આવ્યા હતા અને હાથમાં પહેરેલું કડું સુરેશભાઈના માથાના ભાગે મારી દેતાં લોહી નીકળવા લાગ્યું હતું. બંને આરોપીઓએ મળીને સુરેશભાઈને ગડદાપાટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી હતી અને ‘ફરીથી લાગ મળશે તો જાનથી મારી નાખીશું.’ તેવી ધમકી પણ આપી હતી. આ બનાવ અંગે સુરેશભાઈ પરમારની ફરિયાદના આધારે મહેમદાવાદ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

વલેટવામાં ટુ વ્હીલર સ્લીપ થઈ જતાં યુવકનું કરૂણ મોત

સોજીત્રાનો યુવક નોકરી પર જઈ રહ્યો હતો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૭

નડિયાદ-પેટલાદ રોડ પર વલેટવા માર્બલ ફેક્ટરી નજીક આગળ જતાં વાહનને ઓવરટેક કરવા જતાં ટુ વ્હીલર સ્લીપ ખાઈ જતાં સર્જાયેલા અકસ્માતમાં સોજિત્રાના ૨૪ વર્ષીય યુવકનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું છે.

સોજીત્રામાં રહેતો દીપ મહેશભાઈ મહેશ્વરી (ઉંમર ૨૪ વર્ષ) સવારે આશરે ૮:૪૫ વાગ્યાના સુમારે પોતાનું એક્ટિવા લઈને નડિયાદ જીઆઈડીસી ખાતે નોકરી પર જઈ રહ્યો હતો. તે દરમિયાન નડિયાદ-પેટલાદ રોડ પર વલેટવા અમીન માર્બલ નજીકથી પસાર થતી વખતે આગળ જતાં વાહનની ઓવરટેક કરવા જતાં એક્ટિવા વાહન પાછળ અથડાઈને સ્લીપ ખાઈ ગયું હતું. આ અકસ્માતમાં યુવકને માથા તેમજ શરીર પર ગંભીર ઈજાઓ પહોંચતાં તેનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું.

આ બનાવની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી હતી, પરંતુ ફરજ પરના તબીબે યુવકને મૃત જાહેર કર્યો હતો. આ અકસ્માત સર્જાયા બાદ સામેથી આવતું અન્ય એક ટુ વ્હીલર પણ અકસ્માતગ્રસ્ત ટુ વ્હીલર સાથે અથડાતાં તેને ચલાવતી યુવતીને પણ ઈજાઓ પહોંચી હતી. આ બનાવ અંગે વિજયભાઈ મદનલાલ શાહની ફરિયાદના આધારે વડતાલ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બોરસદ પંથકમાં એસટી બસમાં પરચૂરણની સમસ્યાથી પરેશાન

૩.૨૧, ૩.૩૨ ના ભાડામાં છૂટા પૈસા માટે મુસાફરો-કંડક્ટર વચ્ચે ઘર્ષણ

(પ્રતિનિધિ) આણંદ તા ૭

GSRTC દ્વારા મુસાફરોની સગવડ માટે ડિજિટલ પેમેન્ટની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જોકે, નેટવર્કની સમસ્યાઓને કારણે આજે પણ ઘણા મુસાફરો રોકડ રકમથી જ ભાડું ચૂકવતા હોવાની સ્થિતિ છે. આવી પરિસ્થિતિમાં બસોમાં છૂટા પૈસાની અછતને કારણે મુસાફરો તેમજ કંડક્ટરોને અવારનવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

બોરસદ પંથકમાં ટૂંકા અંતરની મુસાફરીમાં ભાડાની રકમ પૂર્ણ આંકડામાં ન હોવાને કારણે પરચૂરણનો પ્રશ્ન વધુ જોવા મળે છે. ૧૫ થી ૧૬ કિલોમીટરની મુસાફરીનું ભાડું ૨૧ રૂપિયા, જ્યારે ૨૫થી ૨૭ કિલોમીટરની સવારીનું ભાડું ૩૨ રૂપિયા વસૂલવામાં આવે છે. આવી સ્થિતિમાં મુસાફર પાસે જરૂરી છૂટા પૈસા ઉપલબ્ધ ન હોય તો ભાડું ચૂકવતી વખતે મુશ્કેલી ઊભી થઈ શકે છે.

મુસાફરોના જણાવ્યા મુજબ, એક કે બે રૂપિયાના છૂટા ન હોવાના કિસ્સામાં કેટલીક વખત મુસાફરે વધારાની રકમ જતી કરવી પડે છે. બીજી તરફ કંડક્ટર પાસે પણ પૂરતું પરચૂરણ ઉપલબ્ધ ન હોય તો વ્યવહાર પૂર્ણ કરવામાં મુશ્કેલી સર્જાઈ શકે છે. પરિણામે નાની રકમને લઈને મુસાફર અને કંડક્ટર વચ્ચે રકઝક અથવા અસંતોષની સ્થિતિ ઊભી થતી હોવાની ફરિયાદો ઉઠી છે.

રોજિંદા અપડાઉન કરતાં મુસાફર ખાનપુરના દિનેશભાઈ એ જણાવ્યું હતું કે, ખાનગી વાહનોના ભારે ભાડા સામે અમે એસટી બસને પ્રાધાન્યતા આપીએ છીએ. પરંતુ છૂટા ન હોવાના કારણે નાની રકમ માટે અમારે નુકસાની વેઠવી પડે છે અથવા કંડક્ટર સાથે માથાકૂટ થાય છે.

તંત્ર તાત્કાલિક ધોરણે ભાડાની રકમ રાઉન્ડ ફિગર કરે અથવા કંડક્ટરોને ટ્રીપ શરૂ કરતાં પહેલા પૂરતું પરચૂરણ ફાળવે, જેથી મુસાફરો અને કર્મચારીઓ વચ્ચેના ઘર્ષણને અટકાવી શકાય તેમ છે.